ન્યુ વાવોલમાં ખોદકામના કારણે વાતાવરણમાં ધૂળનું પ્રમાણ વધ્યુ

નવ નિર્માણ પામી રહેલ બિલ્ડીંગોના ખોદકામથી રહીશોમાં હોલાકી : લોકોને ધૂળના કારણે શ્વાસ લેવામાં તકલીફ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં સમાવિષ્ટ ન્યુ વાવોલ વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટોમાં ધમધમાટ ચાલી રહ્યો છે. એક બાદ એક નવી બિલ્ડીંગનું નિર્માણ થઈ રહ્યું છે. જેના કારણે આસપાસના રહેણાંક લોકો માટે ભારે હાલાકી ઉભી થઈ છે.

કન્સ્ટ્રકશન સાઈટોના નવ નિર્માણ થવામાં ત્રણેક વર્ષનો સમયગાળો થતો હોય છે. તેવામાં શરૂઆતના દોરમાં ખોદકામની કામગીરી થઈ રહી હોવાથી ધૂળ ઉડવાની સમસ્યા ઉભી થઈ રહી છે. છેલ્લા બે મહિનાથી ન્યુ વાવોલ વિસ્તારમાં સોસાયટીમાં રહેતા રહિશો માટે ધૂળ ઉડતી હોવાના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આ સાથે ઘરમાં ધૂળ ધૂળ થઈ રહી છે. લોકને શ્વાસની તકલીફ થઈ રહી છે. કન્સ્ટ્રકશન સાઈટના માણસો દ્વારા આસપાસના રહિશોની કોઈ મુશ્કેલી નજરે પડી રહી નથી. ધૂળ ઉડવાની સાથે આંતરિક માર્ગો પર મોટા વાહનોની અવરજવર વધી ગઈ છે. તેથી માર્ગો પર અવરજવર કરતાં નાગરિકો માટે બીજી મુશ્કેલી ઉભી થઈ છે. સાથે જ મોટા મોટા વાહનોમાં આવતી રેતી માર્ગો પર પથરાઈ રહી છે જેથી નવ નિર્માણ પામેલ માર્ગ રેતીથી ઢંકાઈ ગયા છે.

આ સમસ્યાનું નિવારણ જે તે સાઈટના બિલ્ડરોએ કરવું જોઈએ. આસપાસના રહેવાસીઓને થતી હાલાકી અંગે પણ વિચારવુ જોઈએ. ધૂળની ઉડતી રજકણોથી લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે તેથી સાઈટની આસપાસ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ જેથી કરીને રેતી ઉડવાનું પ્રમાણ ઓછુ થઈ શકે.

ટીપી-૮ ગુડા ગાર્ડનમાં સ્વચ્છતાના નામે મીંડુ

સરગાસણ સ્થિત ગુડા ગાર્ડનમાં કચરાના દેશ્યો સર્જાયા : પ્રવેશદ્વારથી લઈ બગીચામાં ઠેર-ઠેર ગંદકી

ગાંધીનગર, તા. ૧૩

પાટનગરમાં નવનિર્માણ પામેલા ગુડા ગાર્ડનમાં સાફ-સફાઈ અંગે સવાલો ઉઠ્યા છે. ટીપી-૮, સ્વાગત એફોર્ડ સામે સરગાસણ સ્થિત ગુડા ગાર્ડનમાં ગંદકીના દેશ્યો સર્જાયા છે. પ્રવેશ દરવાજાથી લઈ દરેક જગ્યાએ કચરાના દેશ્યો સર્જાયેલા હોવાથી આસપાસના નાગરિકો જે અહીંયાથી પસાર થતા હોય છે તેઓ દ્વારા સફાઈ અંગે ઘોર બેદરકારીનું વલણ ચાલી રહ્યું છે સહિત સવાલો ઉઠાવ્યા છે. હરિયાળા ગાંધીનગરમાં વર્ષોથી બાગ-બગીચા આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. જેમાં અઢળક ખર્ચ પણ કરવામાં આવી રહ્યો છે. નવી નવી એજન્સીઓને સેક્ટરોના બગીચા સોંપ્યા બાદ બગીચાઓની સુંદરતા નીખરી રહી છે. ત્યારે બીજી તરફ શહેરમાં નિર્માણ પામેલા ગુડા ગાર્ડન પાછળ પણ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. લાખો ખર્ચ્યા બાદ પણ ગુડા ગાર્ડનમાં સ્વચ્છતાના નામે મીંડુ દેશ્યમાન થઈ રહેલ છે. અહીંયા બાળકોને રમવા મોટની દરેક સગવડો ઉભી કરવામાં આવી છે પરંતુ કચરાના ઢગલા હોવાથી કોઈને અવર-જવર કરવાનુ પસંદ પડી રહેલ નથી. હાલમાં ઉનાળુ વેકેશન હોવાથી નાના ભુલકાઓને લઈને મા-બાપ શહેરના બાગ-બગીચામાં જવાનું પસંદ કરે છે. રાત્રી દરમિયાન શહેરના બાગ-બગીચાઓમાં નાના બાળકોની કીલકારીઓ સંભળાતી હોય છે. જે સે. ૨૮નું ગાર્ડન, મહાત્મા મંદિર વિસ્તારમાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, પુનિતવન, સે. ૧ તળાવ, સેક્ટરોના ગાર્ડન સહિત સુંદર મજાના આ બાગ-બગીચાઓમાં લોકોની અવર-જવર વધી છે. જેની સામે ગુડા ગાર્ડનમાં ઓછપ વર્તાઈ રહી છે. પાટનગરમાં મુખ્ય માર્ગો અને મુખ્ય જાહેર સ્થળો પર જ સ્વચ્છતાની દૈનિક કામગીરી ચાલી રહી છે. આંતરિક માર્ગો અને આંતરિક વિસ્તારોમાં સાફ-સફાઈના નામે મીંડુ છે. લોકો અવારનવાર સ્વચ્છતા બાબતે ફરિયાદો કરી રહ્યા છે. તેમ છતાં સફાઈ બાબતે યોગ્ય સગવડ કરવામાં આવી રહી નથી. જાહેર બગીચાઓમાં લોકોએ પણ સ્વચ્છતા જાળવવાની કાળજી રાખવી જોઈએ.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર અને

અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા.૧૩

આજ રોજ જિલ્લા ગામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા અરિહત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર દ્વારા શેરી નાટક રજૂ કર્યું હતું

જેમાં માનનીય વડાપ્રધાન શ્રી ના વરદ હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના ના લોકાર્પણ માણસા તાલુકાના માણેકપુર ખાતે ઓનલાઈન દ્વારા રાખવામાં આવ્યું હતું

એમાં માણસા તાલુકાના કારોબારી ચેરમેન શ્રી ન્યાય સમિતિના ચેરમેન શ્રી પૂર્વ તાલુકા પંચાયત ના પ્રમુખશ્રી જગતસિંહ બિહોલા માણેકપુરના સરપંચ શ્રી તેમજ પૂર્વ સરપંચ શ્રી તમામ સભ્યશ્રીઓ તેમજ તાલુકા પંચાયતના અધિકારી શ્રી તલાટી શ્રી અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા તે સાથે સાથે સ્વચ્છતા વિશેના શપથ પર લેવડાવ્યા હતા. અને સ્વચ્છતા રાખવાનો આગ્રહ ગામ લોકોએ રાખવો જોઈએ. કલાકારો આયે ખુબ સરસ મજાના નાટક દ્વારા માનો રંજન પૂરું પાડિયું હસતું. કલાકરના નામે પૂજા લખાવરા રવિ રાઠોડ રશ્મિ એન્જિનિયર હર્ષ દરજી અનિલભાઈ ક્રિચ્ચન... કલાકારો આયે લોકોને જ્ઞાન પૂરું પાડિયું હતું

વલાદ ખાતે અખિલ ભારતીય

પ્રાથમિક શિક્ષક સંઘના ૨૯માં વાર્ષિક અધિવેશનનો સમાપન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના વલાદ ખાતે તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અખિલ ભારતીય શિક્ષણ સંઘના ૨૯માં વાર્ષિક અધિવેશનનો શુભારંભ કરાવ્યો હતો. "ભારત મે પરિવર્તનકારી શિક્ષણ કે કેન્દ્ર મે શિક્ષક" વિષય પર યોજાયેલા આ અધિવેશનનો સમાપન સમારોહ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા તેમજ પ્રખર કથાકાર મોરારી બાપુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.

"શિક્ષક કોઈ દિવસ સાધારણ ન હોઈ શકે" તેમ કહેતા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ સમાજના ઉત્થાન માટે શિક્ષક અને શિક્ષણનું મહત્વ ખૂબ જ વધારે હોય છે. એક શિક્ષક પ્રાથમિક શાળાના બાળકોના મગજમાં શિક્ષારૂપી જે બીજ રોપે છે તે બીજ ભવિષ્યમાં વટવૃક્ષ બને છે. એક શિક્ષકના હાથમાં જ માનવમૂલ્ય અને વ્યક્તિનો વિકાસ થતો હોવાથી સમાજની સૌથી મોટી એવી રાષ્ટ્રનિર્માણની જવાબદારી પણ શિક્ષકોની છે.

મંત્રી શ્રી પાનસેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, શિક્ષણને મજબૂત કરવા શિક્ષકોની ભૂમિકા સૌથી અગત્યની હોય છે એટલે જ શિક્ષકો અને શાળાના પ્રશ્નો માટે ગુજરાતનો શિક્ષણ વિભાગ હરહંમેશ સક્રિય થઈ કામ કરી રહ્યો છે. આ બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન શિક્ષણ જગતનું સૌથી મહત્વપૂર્ણ અધિવેશન પૂરવાર થશે. આ બે દિવસ દરમિયાન અધિવેશનમાં થયેલા ચિંતન-મનનના પરિણામે શિક્ષણ જગતમાં રહેલી ત્રુટીઓ દૂર થતા શિક્ષણ ક્ષેત્રે આમોલ પરિવર્તન આવશે. વધુમાં, દેશ સહિત ગુજરાતના શિક્ષણ સ્તરને વધુમાં વધુ ઊંચાઈ સુધી લઈ જવા મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌ શિક્ષકોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓ અને સદસ્યોને મોરારી બાપુએ આશીર્વચન આપ્યા હતા. જ્યારે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ડો. રામચંદ્ર ડબાસે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે અખિલ ભારતીય પ્રાથમિક સંઘના પ્રમુખ શ્રી રામપાલસિંઘ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી દિગ્વિજય સિંહ,એજયુકેશન ઈન્ટરનેશનલ સંસ્થાના જનરલ સેકરેટરી શ્રી ડેવિડ એડવર્ડ તથા એશિયા પેસિફિકના ચીફ કો.ઓર્ડીનેટર શ્રી આનંદ સિંઘ, અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રી શ્રી કમલાકાન્ત ત્રિપાઠી, ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી, રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘના મહામંત્રીશ્રી સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા શૈક્ષણિક સંઘના પ્રતિનિધિઓ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

JadeBlue ની હરિયાળી પહેલ

ગાંધીનગરમાં તળાવનું રિસ્ટોરેશન હાથ ધર્યું

ગાંધીનગર, તા. ૧૩

જાણીતા મેન્સ ક્લોથિંગ રિટેલર અને પર્યાવરણના રક્ષણના હિમાયતી જેડબ્લુ (JadeBlue)એ ગાંધીનગરના ટિંટોડા ગામમાં બોપલા તળાવ અને બાયોડાઈવર્સિટીના પુનઃ સંગ્રહ માટે એક હરિયાળી પહેલ હાથ ધરી છે. જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શાંભવ ચૌહાણે જણાવ્યું કે અમારી કંપનીની CSR પહેલના ભાગરૂપે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૧૦ એકર વિસ્તારમાં તળાવને પુનઃ સ્થાપિત કરશે જેમાં ૧૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે અને ટિંટોડા ગામ તથા તેની આસપાસના વિસ્તારોને મોટો લાભ આપશે. 'જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયાએ આ તળાવ અને તેની આસપાસના વિસ્તારોને પુનઃ જીવંત કરવાની જવાબદારી ઉપાડી છે.

આ પ્રોજેક્ટ વિશે વધુ વિગતો આપતા શાંભવ ચૌહાણે જણાવ્યું કે તળાવના પુનઃ સ્થાપનની સાથે સાથે અમે તળાવની અંદરના ત્રણ આઈલેન્ડ પર હજારો રોપાઓનું વાવેતર કરીશું. આ વિસ્તારની મૂળ બાયોડાઈવર્સિટી પુનઃ સ્થાપિત કરવા અને પક્ષીઓ, મધમાખીઓ, પતંગિયાઓ, જંતુઓ માટે સંપૂર્ણ વસવાટ બનાવવાના માપદંડો પર આ છોડની પસંદગી કરવામાં આવી છે. અહીં વાંસનું વાવેતર પણ કરવામાં આવશે જે વાતાવરણમાં વધુ ઓક્સિજન છોડશે. ભૂગર્ભજળને રિચાર્જ કરવા માટે પરકોલેશન પિટ બનાવવામાં આવશે.'

કંપનીના ડિઝાઈન હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સિદ્ધેશ ચૌહાણે જણાવ્યું કે આ તળાવનું બ્યુટિફિકેશન કરવામાં આવશે જેથી સ્થાનિક લોકો માટે તે આનંદપ્રમોદનું કેન્દ્ર બની શકે. તળાવની આજુબાજુ એક પાથવે પણ બનાવવામાં આવશે અને બાઉન્ડ્રી પર તેને વેટીવર ઘાસથી સુશોભિત કરવામાં આવશે જે તળાવને શુધ્ધ કરે છે અને બાઉન્ડ્રીને મજબૂત બનાવે છે.

આ રિસ્ટોરેશન પ્રોજેક્ટ લોકોના સર્વાંગી વિકાસમાં દૃઢ વિશ્વાસ ધરાવતા ગાંધીનગર-દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા કલેક્ટર હિતેશભાઈ કોયાના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યો છે.

કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી કૈલાશ ચૌધરીની રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શિષ્ટાચાર મુલાકાત

ગાંધીનગર, તા.૧૩

કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ રાજ્યમંત્રી શ્રી કૈલાશ ચૌધરીજીએ આજે રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી. બંને મહાનુભાવોએ દેશના ખેડૂતોની આવક વધારવા, જમીનની ફળદ્રુપતા વધારવા અને જન આરોગ્યની સુખાકારી માટે અનિવાર્ય એવી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિસ્તૃત વિચાર વિમર્શ કર્યો હતો.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

સે. ૩માં ટિંટોડીએ જમીન પર ઈંડા મૂકતાં ચોમાસું સામાન્ય રહેવાનો વર્તારો

ગાંધીનગર, તા.૧૩

એક તરફ ઉનાળો તેનુ રોદ્ર સ્વરૂપ દેખાડી રહ્યો છે અને આકાશમાંથી કાળઝાળ તાપ વરસી રહ્યો છે. જોકે ઉનાળા પછી આવતું ચોમાસું કેવું રહેશે તે અંગે ખેડૂતોથી માંડીને સૌ કોઈ ઉત્સુકતા ધરાવતાં હોય છે કેમકે હજુ આપણે ત્યાં ચોમાસું કેવું રહે છે અને વરસાદ કેવો થાય છે તેના પર સમગ્ર આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓ નિર્ભર રહે છે. ચોમાસાના વર્તારા અંગે હવામાનશાસ્ત્રીઓ અને હવામાન વિભાગની આગાહીઓ ઉપરાંત અનેક પ્રકારની પ્રાચીન પદ્ધતિઓ પણ પ્રચલિત છે જેમાં હોળીની ઝાળની દિશાથી માંડીને ટિંટોડીના ઈંડા મુકવાની જગ્યા સુધીનો સમાવેશ થાય છે. લોકવાયકા એ છે કે ટિંટોડી તેના ઈંડા જો ઉંચાઈ પર મૂકે તો વરસાદ સારો રહે છે અને જમીન પર મૂકે તો ચોમાસું સામાન્ય કે મધ્યમ રહે છે. ગાંધીનગરના સેક્ટર-૩માં એક ખુલ્લી જગ્યામાં ટિંટોડીનો માળો જોવા મળ્યો છે જ્યાં ટિંટોડીએ જમીન પર ઈંડા મૂક્યાં છે.

જેને આધારે આ વર્ષે ચોમાસું સામાન્યથી મધ્યમ રહે તેવો વર્તારો પ્રાપ્ત થઈ રહ્યો છે.

સે.૭માં કોમન પ્રોટોકોલ અનુસાર યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

વિશ્વ યોગ દિવસ દર વર્ષે તા.૨૧ની જુને ઉજવાય છે જેની ઉજવણી દુનિયાભરમાં ભારે ઉત્સાહ પૂર્વક કરવામાં આવે છે. આગામી વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને ગાંધીનગરમાં પણ અત્યારથી તૈયારીઓ શરૂ કરવામાં આવી હોવાનું અનુભવાઈ રહ્યું છે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના મહાનગર પાલિકા વિસ્તારના યોગ કોઓર્ડિનેટર ભાવનાબેન જોશીના માર્ગદર્શનમાં તેમની ટીમ દ્વારા યોગ-પ્રાણાયામના પ્રચાર પ્રસાર માટે વિવિધ યોગ ટ્રેનર્સ દ્વારા શહેરમાં વિવિધ સ્થળે યોગ પ્રોટોકોલ અનુસાર યોગ પ્રાણાયામના વર્ગો ચલાવાઈ રહ્યાં છે. શહેરના સેક્ટર-૭માં યોગ ટ્રેનર ડો.પરાગી ગાંધીના સહયોગથી યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશંવ યોગ દિવસના કોમન પ્રોટોકોલ અનુસાર યોગ-પ્રાણાયામ કરાવાયાં હતા.

એક ઝાટકે નિવૃત્ત પ્રિન્સિપાલે જીવનભરની કમાણી ગુમાવી

અમદાવાદ, તા.૧૩

બોપલ વિસ્તારમાં રહેતા નિવૃત્ત આચાર્યની જીવનભરની કમાણી માત્ર ગણતરીના દિવસોમાં જ ઠગબાજો છેતરપિંડી કરી ખંખેરી લઈ ગયા. યુજીવીસીએલના કર્મચારી તરીકે ખોટી ઓળખ આપી ફરીયાદીનું વીજ બિલ બાકી હોવાનું કહીને એકાઉન્ટમાં રહેલ ૭૦ લાખ પૈકી રૂપિયા ૬૮ લાખ ૪૬ હજાર બરોબર ઉપાડી લીધા. જે મામલે અમદાવાદ ગ્રામ્ય પોલીસની ટીમ અને સાયબર પોલીસે બિહારથી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. વિરમગામ તાલુકાની ગ્રાન્ટેડ શાળામાં નોકરી કરીને નિવૃત્ત થયેલ આચાર્ય સાથે રૂપિયા ૬૮ લાખ ૭૬ હજારની છેતરપિંડી થઈ. નિવૃત્ત આચાર્ય સાથે સાયબર ફ્રોડસ્ટરો દ્વારા વોટ્સએપ પર મેસેજ કરીને UGVCન્ના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી વીજળીનું બિલ બાકી હોવાનુ કહી છેતરપીંડી કરી. જોકે ફરિયાદીએ ગુગલ પેના માધ્યમથી પહેલાથી બિલ ભરી દીધું હોવા છતાં બિલ ન ભરાયું હોવાનું કહીને કાપી નાખવાની ધમકી ફ્રોડસ્ટરોએ આપી યોનો એપ અને એનિ ડેસ્ક 'ડાઉનલોડ કરાવીને માત્ર ચાર દિવસોમાં તબક્કાવાર ૬૮,૭૬,૦૦૦ પડાવી લીધા હતા. જેથી નિવૃત્ત આચાર્યનો પગાર સહિત નિવૃત્તિના લાભ પેટે મળેલ રકમ પણ આરોપીઓ દ્વારા ખંખેરી લેવામાં આવી જેથી આચાર્યની નિસહાય બની ચૂક્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા પોલીસે LCB અને સાઈબર પોલીસની મદદથી આરોપી અને પકડવા માટે કવાયત શરૂ કરી અને ત્રણ આરોપીઓની બિહારમાંથી ધરપકડ કરી. જ્યારે આ કેસમાં વોન્ટેડ આરોપી રાજીવ ચૌધરી અને સંદીપકુમાર ચૌધરીએ હજુ ફરાર છે જેમને શોધવા માટે પોલીસ કામ કરી રહી છે. જોકે આ કેસનો મુખ્ય આરોપી દ્વારા બિહારમાં આધાર કાર્ડ કેન્દ્ર ચલાવતા ૧૬ જેટલા સંચાલકોના ખાતામાં ફરિયાદી પાસેથી છેતરપિંડી ઘરેને મેળવેલ રકમ જમા કરાવી હતી એટલે કે ૧૬ ખાતામાં અલગ અલગ રકમ જમાં થતી હતી. હાલ તો પોલીસે જે આરોપીઓન એકાઉન્ટમાં રૂપિયા ચાર લાખ જેટલી રકમ જમા થઈ હતી તેવા જ આરોપી પકડ્યા છે. પરંતુ પોલીસે આરોપીઓ પાસે મોબાઈલ, લેપટોપ સહિત આધાર કાર્ડ અને સીમકાર્ડ જપ્ત કરી ફ્રોડસ્ટરોને ઝડપી લેવા પ્રયત્નો હાથ ધર્યા છે.